ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

સાબરકાંઠા - અરવલ્લી

હિંમતનગર | મોડાસા | બાયડ | ભીલોડા | ખેડબ્રહ્મા | તલોદ | શામળાજી | પ્રાંતિજ | ધનસુરા | પોશીના | હરસોલ | ઈડર | વિજયનગર | માલપુર | મેઘરજ | વડાલી | ખંભીસર

# કડાણા ડેમમાં ૪૪,૦૦૦ લાખ ઘનફૂટ પાણી સંગ્રહિત

## ખેડૂતો આનંદો, જિલ્લાના ખેડૂતોને સૂજલામ કેનાલમાં ઉનાળુ ખેતી માટે સિંચાઈનું પાણી મળશે



બાયડ, તા. ૨૩ જિલ્લામાં નબળા ચોમાસાથી જળાશયોમાં પાણી ઓસરી રહ્યાં છે. ઉનાળુ ખેતી માટે સિંચાઈનાં પાણી મળવા મુશ્કેલ થઈ શકે છે ત્યારે સારા સમાચાર એ છે કે કડાણા ડેમમાંથી ઉનાળુ ખેતી માટે ખેડૂતોને સિંચાઈનું પાણી મળશે જેના કારણે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૨૦ હજાર હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળવાની સાથે ૧૦૦૦ થી વધુ બોરકુવા રીચાર્જ થશે. કડાણા ડેમમાં અત્યારે ૪૪,૧૧૯ લાખ ઘનફૂટ પાણી સંગ્રહીત હોવાનું ડેમસાઈટ સૂત્રોએ જણાવ્યું છે.

ઉનાળો શરૂ થાય એટલે પાણીનો કકળાટ શરૂ થઈ જતો હોય છે પરંતુ સરકારની અનેક દુરંદેશી યોજનાઓ ઉનાળામાં આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. સાબરકાંઠામાં ચોમાસા દરમ્યાન ૭૭.૯૬ ટકા અને અરવલ્લીમાં રાજ્યનો સૌથી ઓછો ૬૩.૦૯ ટકા વરસાદ વરસતાં જળાશયોમાં પાણીની સિમિત આવક હતી છતાં રવી સીઝનની ખેતી માટે ખેડૂતોને પૂરતા પ્રમાણમાં સિંચાઈ માટે પાણી મળ્યું પરંતુ હવે મોટાભાગના જળાશયોમાં પીવાના પાણીનો જથ્થો આરક્ષિત રખાતાં ઉનાળું ખેતી માટે જિલ્લાના જળાશયોમાંથી ખેડૂતોને પાણી મળવું મુશ્કેલ છે અને મળે તો પણ વધુમાં વધુ ૨ પાણી મળી શકે છે. ત્યારે ઉત્તર ગુજરાતના ખેડૂતોની જીવાદોરી બનેલી સુજલામ કેનાલ કાળઝાળ ઉનાળામાં ખેડૂતો માટે ફરી એકવાર સંજીવની સાબિત થઈ શકે છે. કડાણા ડેમ સાઈટ વિસ્તારમાં ભારે વરસાદ પછી કડાણા ડેમ છલકાયો હતો અને શિયાળુ ખેતી માટે સાબરકાંઠા, અરવલ્લી સહિતના ખેડૂતોને સુજલામ કેનાલ મારફતે પાણી આપ્યા પછી પણ મહત્તમ જથ્થો સંગ્રહીત છે.

જેથી ઉનાળાના સમયમાં ઉપયોગમાં લેવા માટે કડાણા ડેમમાં અત્યારની સ્થિતિએ ૮૮૨ મીલીયન ક્યુબિક ફીટ પાણીનો જથ્થો અનામત રાખવામાં આવ્યો છે અને કડાણા ડેમમાંથી રાજ્યના ૯ જિલ્લાઓને સિંચાઈ માટે પાણી પુરૂ પાડવામાં આવે છે. શિયાળુ સીઝનમાં પૂરતું પાણી મળ્યા પછી હવે અત્યારની સ્થિતિએ કડાણા ડેમમાં ૭૬ ટકા પાણીનો જથ્થો સંગ્રહીત છે તે જોતાં ઉનાળુ ખેતી માટે સુજલામ કેનાલ મારફતે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ખેડૂતોને પૂરતા પ્રમાણમાં પાણી મળી શકે છે.

### સુજલામ કેનાલમાં ૪૮૦ ક્યુસેક પાણી છોડાશે...

ડેમ સાઈટના સૂત્રોના જણાવ્યા અનુસાર ઉનાળુ ખેતી સીઝન શરૂ થઈ છે ત્યારે સુજલામ કેનાલમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાંથી પસાર થાય છે તેમાં ૪૮૦ ક્યુસેક પાણી છોડવામાં આવશે. જેથી બાયડ, ધનસુરા, તલોદ, પ્રાંતિજ સહિતના તાલુકાના ખેડૂતોને સિંચાઈનો લાભ મળશે.

# બાયડના બુઝર્ગ પાસે ૩૦૦ વર્ષ પુરાણા સિક્કા..!!

## વર્ષો અગાઉ માટીવાળુ ઘર ધરાશાયી થતાં સિક્કા મળ્યા હતા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

બાયડ તાલુકાના ઓઢા ગામના બુઝર્ગ લાભસંગ કાળુસિંહ ઠાકોર પાસે દુર્લભ ગણાય તેવા ૩૦૦ વર્ષ પુરાણા સિક્કા હોવાનું દાયકા અગાઉ જણાવ્યું છે અને અગાઉ બ્રિટીશ મહિલાને જુના સિક્કાના રૂા.૨.૩૮ કરોડ જેટલી રકમ મળી હતી તેથી બુઝર્ગ પણ ગમે ત્યારે મોટી રકમ મળવાની આશા સેવી રહ્યા છે. આજથી ૪૦ વર્ષ અગાઉ અષાઢ મહિનામાં ધોધમાર વરસાદ પડતો હતો અને પોતાનું માટીવાળુ ઘર ધરાશાયી થઈ ગયું ત્યારે કાચા ઘરની માટીની દિવાલમાંથી વર્ષો પુરાણા સિક્કા તેમને મળ્યાનું તેઓએ જણાવ્યું હતું. કદાચ સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ પુરાણા સિક્કા પોતાની પાસે હોવાનો પણ તેઓએ દાવો કર્યો છે.



સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ધરતીના પેટાળમાં અનેક પુરાણા નગરો ધરબાયેલા હોવાની લોકવાયકા પ્રચલિત છે. શામળાજી નજીકનું દેવનીમોરી ગામ એક સમયે બૌદ્ધ સંપ્રદાયનું પ્રચાર કેન્દ્ર હોવાની માન્યતા આજે પણ પ્રચલિત છે અને અવાર નવાર લામાઓ આ સ્થળની મુલાકાત લેતા થયા છે અને આ વિસ્તારને બૌદ્ધ કોરીડોર તરીકે વિકસાવવા માટે રાજ્ય સરકાર પણ તૈયાર હોવાનું જાણવા મળ્યું છે. બાયડનગરની ભાગોળે સોલંકી યુગનું અતિપ્રાચીન વૈજનાથ મંદિર પણ આવેલું છે ત્યારે બાયડ થી અંદાજીત ૧૪ કી.મી. દૂર આવેલા ઓઢા ગામ આસપાસ પણ કેટલીય સંસ્કૃતિઓ ધરતીના પેટાળમાં સમાઈ હોવાની દંતકથાઓ સાંભળવા મળતી હોય છે. ગામના બુઝર્ગ લાભસંગ ઠાકોર પાસે અરેબિક, ઉર્દુ ભાષા લખેલા ૬ જેટલા દુર્લભ સિક્કાઓ હોવાનું તેઓએ જણાવ્યું હતું. વર્ષ-૧૯૭૩માં બાયડ તાલુકા ઉપર બારેમેઘ ખાંગા થયા હતા અને કેટલાક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ પ્રવર્તતિ હતી ત્યારે ધોધમાર વરસાદમાં ઠાકોર પરિવારના સ્મૃતિ સમુ માટીનું ઘર વરસાદની ભીંસ સહન ન કરી શકતાં ધડાકા સાથે માટીનું ઘર ધરાશાયી થયું. જો કે માટીનું ઘર ધરાશાયી થાય તે અગાઉ પરિવારે નજીકના ઘરમાં આશરો લીધો. બીજા દિવસે ધરાશાયી થયેલી માટીની દિવાલોમાં પોતાના સંસ્મરણોને શોધતા લાભસંગને એક પછી એક ૬ જેટલા દુર્લભ સિક્કા મળ્યા આજે જીંદગીના અંતિમ પડાવમાં તેઓએ પોતાના જીવની માફક આ દુર્લભ સિક્કા જાળવી રાખ્યા છે અને કોઈ કદરદાન ગમે ત્યારે માતબર રકમ આપી આ સિક્કા ખરીદી લેશે તેવી આશા તેઓને હજી જીવંત લાગી રહી છે.

# અરવલ્લીમાં કોરોનાના વળતા પાણીમાં બોર્ડરના ગામો સંક્રમણથી પ્રભાવિત

## ભિલોડા, મેઘરજ તાલુકાના ઉડાણના ગામોમાં ચિંતાજનક કેસ

અરવલ્લી જિલ્લામાં કોરોનાના વળતા પાણીથી આરોગ્યતંત્ર હરખાયું છે પરંતુ બોર્ડરના ગ્રામ્ય વિસ્તારોમાં સંક્રમણની સ્થિતિ ચિંતાજનક છે. ખાસ કરીને ભિલોડા અને મેઘરજ તાલુકાના બોર્ડરના ગામોમાં હજુય કોરોનાના નવા પોઝિટિવ કેસ બહાર આવી રહ્યા છે. ભિલોડાના ગ્રામ્ય વિસ્તારમાં તો ૧૪૦ અને મેઘરજ તાલુકાના ગામડાઓમાં ૬૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે પોઝિટિવ કેસની સંખ્યા પણ હજુ વધી શકે છે.

કોરોનાની ત્રીજી લહેર પૂર્વે આરોગ્ય વિભાગ દ્વારા ટેસ્ટીંગ અને વેક્સિનેશન ઉપર વધુ ભાર મૂકવામાં આવતાં કોરોના સંક્રમિતનો મૃત્યુઆંક નહીંવત બન્યો પરંતુ સંક્રમણના કેસ દિવસે દિવસે વધ્યા જેના કારણે આરોગ્ય વિભાગ દ્વારા સંજીવની રથ દોડાવી સંક્રમણ ઘટાડવાના પ્રયાસ કરવામાં આવ્યા જ્યારે આરોગ્ય વિભાગની ટીમોએ પણ ડોર ટુ ડોર સર્વે કરતાં શંકાસ્પદ પોઝિટિવ કેસના દર્દીઓની તાબડતોબ સારવાર શરૂ કરી જેના કારણે ત્રીજી લહેરમાં અંકુશ મૂકવામાં તંત્ર સફળ રહ્યું પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં સ્થિતિ ચિંતાજનક જોવા મળી. જિલ્લામાં હમણાંથી કોરોના પોઝિટિવ કેસમાં ઘટાડો થયો છે જેથી આરોગ્ય વિભાગ ઉત્સાહમાં આવી ગયું છે. પરંતુ ભિલોડા અને મેઘરજ તાલુકાના ગામડાઓમાં રોજ નવા પોઝિટિવ કેસ બહાર આવતાં સંપૂર્ણપણે કોરોના સંક્રમણથી હજુ મુક્તિ મળી નથી તે સાબિત થયું છે. બંને તાલુકામાં રાજસ્થાન સરહદની નજીક આવેલા વિસ્તારોમાં કોરોનાના પોઝિટિવ કેસ વધુ નોંધાઈ રહ્યા છે. જિલ્લામાં સરેરાશ કોરોનાનું સંક્રમણ જરુર ઓછું થયું છે પરંતુ ઉડાણના ગામડાઓમાં સોશ્યલ ડિસ્ટન્સ, ફરજીયાત માસ્કના નિયમો કાગળ પૂરતા સિમિત રહ્યા જેના કારણે સમગ્ર રાજ્યમાં ભલે સંક્રમણનો અંત જણાતો હોય પરંતુ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્થિતિ યથાવત જોવા મળી રહી છે.

### ડીસામાં એક્ટીવાચાલકે સાયકલને અડફેટે લેતા ઈજાગ્રસ્ત

ડીસાના વિરેન પાર્ક રોડ પર એક્ટીવા ચાલકે સાયકલને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં સાયકલ પર સવાર યુવાન રોડ પર પટકાતા ગંભીર ઈજા થઈ હતી જે બાદ ૧૦૮ મારફતે સાયકલ સવાર યુવાનને ડીસા સિવિલ ખાતે સારવાર માટે ખસેડાયો હતો. બનાસકાંઠા જિલ્લામાં માર્ગ અકસ્માતના બનાવોમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે ત્યારે ૬ દિવસ અગાઉ રસાણા મોટા ખાતે રહેતા સેંધસિંહ વજેસિહ ચૌહાણ ડીસા એસટી ડેપોમાં હેલ્પર તરીકે નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

# જિલ્લામાં ઉનાળામાં મચ્છરોનો ઉપદ્રવ વધતાં પ્રજા ચિંતિત

## મચ્છરજન્ય રોગચાળો વકરવાની દહેશત

અરવલ્લી જિલ્લામાં ઉનાળો શરૂ થયો એ સાથે મચ્છરોનો ઉપદ્રવ વધતાં પ્રજા ચિંતિત બની છે. મચ્છરજન્ય રોગચાળો વકરવાની દહેશત પણ સેવાય છે, ત્યારે જિલ્લામાં મચ્છરોના ઉપદ્રવને નાથવા માટે કીટનાશક દવાનો છંટકાવ કરવાનું તંત્ર ભૂલ્યા જેવી સ્થિતિ છે.

કોરોનાનું સંક્રમણ માંડ કાબુમાં આવ્યું છે. કોરોના કેસમાં સતત ઘટાડાથી આરોગ્ય વિભાગે રાહતનો દમ લીધો પરંતુ પાછલા ૨૨ મહિનાથી આરોગ્ય વિભાગે માત્ર કોરોના ઉપર ધ્યાન કેન્દ્રીત કરતાં અન્ય રોગચાળાનું પ્રમાણ વધી ગયું છે. છેલ્લા ૪-૫ દિવસથી તાપમાનનો પારો ઉંચકાયો તેમ મચ્છરોની સંખ્યામાં એકાએક વધારો થયો. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં દિવસ અને રાત્રે મચ્છરો પ્રજાનું લોહી ચૂસતા જોવા મળી રહ્યા છે. જ્યારે જિલ્લા મેલેરીયા વિભાગ દ્વારા અત્યારથી જ તકેદારીનાં પગલાં નહીં ભરાય તો ગામે ગામ મચ્છરજન્ય રોગચાળો વકરી શકે છે. નગરપાલિકા વિસ્તારોમાં પણ મચ્છરોનો ઉપદ્રવ વધતાં કીટ નાશક દવાઓનો છંટકાવ કરી પ્રજાને મચ્છરોના ત્રાસમાંથી મુક્તિ અપાવામાં આવે તેવી પ્રજા માંગ કરી રહી છે.

# એકાએક ગરમીથી ઘઉંની ખેતીને નુકસાનની સંભાવના..!!

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉનાળુ ખેતીની તૈયારી આરંભતા ધરતી પુત્રો : અપૂરતા વરસાદ અને ડેમમાં પાણી ઓસરતાં વાવેતર વિસ્તાર ઘટવાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં તાપમાનનો પારો ઉંચકાતાં ઉનાળાના આગમનને



પ્રજા અને ધરતીપુત્રોએ સ્વીકારી લીધું છે. જિલ્લામાં ઉનાળુ ખેતીની રાહ જોતા ખેડૂતોએ તાપમાનનો પારો ઉંચકાતાં છેલ્લા ૩-૪ દિવસથી ઉનાળુ ખેતીની તૈયારીઓ આરંભવાની સાથે બાજરી, મકાઈ, તરબૂચ સહિતના પાકની વાવણી શરૂ કરી દીધાનું જાણવા મળેલ છે. જો કે ચોમાસા દરમ્યાન અપૂરતો વરસાદ અને જિલ્લાના જળાશયોમાં ઓસરતાં પાણીના કારણે વાવેતર વિસ્તાર ઘટવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.

ખેતીક્ષેત્રે જિલ્લાનું સારૂ એવું યોગદાન રહ્યું છે. જિલ્લાના હજારો ખેડૂતો આજે પણ પાક વિમાથી માંડી કુદરતી આપત્તિમાં થયેલા નુક્સાનની સહાયથી વંચિત રહેવા છતાં માત્ર ખેતી જ જીવન નિર્વાહનો સહારો હોવાના કારણે ખેડૂતોને ખેતીથી મોં ફેરવી લેવું પાલવે તેમ નથી. જિલ્લામાં હજુ શિયાળુ ખેતીની તૈયાર ફસલો જેવી કે બટાટા, વરીયાળી, એરંડા, ઘઉંનો પાક લણવાનો બાકી છે ત્યારે જોઈએ તે રીતે ઉનાળુ ખેતીનો આરંભ થયો નથી પરંતુ એક પખવાડીયામાં તમામ પાક તૈયાર થઈ જતાં ખેડૂતો ફરીથી પોતાના ખેતરોને ઉનાળુ ખેતી માટે ખાતરનો પટ આપી તૈયાર કરી દેશે. જ્યારે કેટલાક ખેડૂતોએ અત્યારથી ઉનાળુ ખેતી માટે તૈયારીઓ આરંભી છે અને પોતાના ખેતરોમાં ઉભા કરાયેલા બોરકૂવા મારફતે સિંચાઈનાં પાણી મૂકવાનો આરંભ કર્યો છે જેના કારણે જિલ્લામાં સૂકીભઠ્ઠ થયેલી અનેક ધરા પાણીથી ફરીથી હરિયાળી બની રહેશે. જિલ્લાના ખેડૂતોએ કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર ગમે તેટલો અન્યાય કરે તો પણ અમારે તો ખેતીનો વ્યવસાય સાચવી ને જ પરિવારોનો જીવન નિર્વાહ કરવાનો હોય છે જેથી ખેતી સિવાય કોઈ આરો નથી. આ વર્ષે આશ્ચર્ય વચ્ચે અનેક ખેડૂતોએ ઉનાળુ ખેતીના બદલે ગ્રીનહાઉસ તેમજ કેટલાક ખેડૂતોએ ડ્રીપ પદ્ધતિ દ્વારા નવતર ખેતીનો પ્રયોગ હાથ ધર્યાનું જાણવા મળેલ છે.

# જન સેવા સેતુ ગ્રુપ અને તત્વ પરિવાર દ્વારા પક્ષીઓ માટે પાણીના કુંડાઓ મુકાયા

આગામી ઉનાળા ને ધ્યાનમાં લઈને "જળ એજ જીવન" ના અમૃત મંત્ર ને સાક્ષાત કરવાના હેતુ સર મોડાસા ની નામાંકિત કોલેજ 'તત્વ ઈન્સ્ટિટ્યૂટ આફ ટેક્નોલોજીકલ સ્ટડીસ, મોડાસા' ના રળિયામણા પરિસર મા મોડાસા ની સેવાભાવિ સંસ્થા જનસેવા સેતુ મોડાસા ગ્રુપ અને તત્વ કોલેજ ના સૌજન્ય થી કોલેજ પરિસરમા પક્ષીઓ માટેના પાણી પીવાના કુંડા મુકવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમ નું નિરીક્ષણ કરી સંસ્થા ના કેમ્પસ ડાયરેક્ટર શ્રી પ્રો. જયદત્ત સિંહ પૂવાર સર અને આચાર્ય શ્રી ડો. કિરણ દરજી સર એ શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન જનસેવા સેતુ મોડાસા ગ્રૂપ તરફથી વંદન રાવલ, ભરતભાઈ દરજી, પ્રતિકભાઈ ચૌહાણ અને સંકેત ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મહાશિવરાત્રિ ઉજવવા ૧૬૦૦ શિવ મંદિરો સજ્જ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મહાશિવરાત્રિ નજીક આવતાં નાનાં-મોટાં ૧૬૦૦થી વધુ શિવાલયો ઉજવણી માટે સજ્જ થવા લાગ્યાં છે. કોરોનાના કારણે અનેક નિયંત્રણો હતા તે દુર થયા છે ત્યારે જિલ્લામાં શિવાલયોમાં રંગરોગાન ઉપરાંત શિવરાત્રિના દિવસે લોકમેળા યોજાતા હોઈ શિવરાત્રિની તડામાર તૈયારીઓ શરૂ થઈ છે. જ્યારે ભાંગના રસિયાઓએ પણ ભાંગ બનાવવા માટે જોઈતી સામગ્રીનું લીસ્ટ અત્યારથી જ તૈયાર કરી દીધાનું જાણવા મળ્યું છે.

મહાશિવરાત્રિના પવિત્ર પર્વના દિવસે શિવ મંદિરોમાં મહારૂદ્રાભિષેક સહિત શિવજીને રીઝવવા માટે યજ્ઞોના આયોજન કરાતા હોય છે. જિલ્લામાં શિવરાત્રિનું પર્વ નજીક આવતાં જ શિવ મંદિરોમાં મંદિરોના પૂંજારી તથા મહંતોએ શિવરાત્રિને લગતી તૈયારીઓ આરંભી દીધી છે. જિલ્લામાં શિવરાત્રિના પર્વ નિમિત્તે હજારો શ્રદ્ધાળુઓ મંદિરોમાં ઉમટી પડતા હોવાથી પર્વને અનુલક્ષી મંદિરોમાં રંગરોગાનના કામો હાથ ધરાયા છે. જિલ્લામાં અનેક શિવ મંદિરોમાં આ દિવસે મોટા



લોકમેળા આયોજીત થતા હોઈ ગ્રામ્ય પ્રજા શિવજીના દર્શન ઉપરાંત મેળાની પણ મોજ માણવા મોટી સંખ્યામાં ઉમટતી હોવાથી શિવરાત્રિના મેળાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જિલ્લામાં શિવરાત્રિ નિમિત્તે પ્રસિદ્ધ શિવ મંદિરોમાં ભાંગનો પ્રસાદ શિવ ભક્તોને પીરસાતો હોવાથી ભાંગના રસિયા અધિરા જણાઈ રહ્યા છે. બાયડના વૈજનાથ મહાદેવ, વાત્રક નજીકના ધારેશ્વર મહાદેવ, ઝાંઝરીના ગંગેશ્વર મહાદેવ, ઉજળેશ્વરના ઉજળેશ્વર મહાદેવ, ભિલોડાના ભવનાથ મહાદેવ, વિજયનગર તાલુકાના વિરેશ્વર મહાદેવ, પ્રાંતિજ નજીકના ગોરડીયા મહાદેવ, માલપુરના રક્ષેશ્વર મહાદેવ, જાદરના મૃધણેશ્વર મહાદેવ, ઉભરાણના સુલપાણેશ્વર મહાદેવ સહિતના શિવાલયોમાં ભારે ધામધૂમ પૂર્વક મહાશિવરાત્રિ પર્વની ઉજવણી થવાની હોવાથી મંદિરના પૂજારી તથા મહંતો દ્વારા આગોતરી તૈયારીઓ હાથ ધરાઈ છે.